# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ : 1      વિષય : ગુજરાતી

**બાળકો શીખે છે....**

1. જોડકણાં અને ગીતો સાંભળે છે, સમજીને ગાય છે.
2. વાર્તા કહે  છે.
3. મૂળાક્ષરો ઓળખે છે અને લખે છે.
4. સાદા શબ્દો સાંભળીને લખે છે અને સરળ વાક્યો વાંચે છે.
5. ચિત્ર જોઇને ટૂંકમાં વર્ણન કરે છે.
6. સરળ મૌખિક સૂચના સમજે છે અને વિગતને અનુરૂપ જવાબ આપે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ : 2 વિષય : ગુજરાતી

**બાળકો શીખે છે....**

1. ગીતો, જોડકણાં, રાષ્ટ્રગીત ગાય છે અને વાર્તા કહે છે.
2. અપરિચિત વાતચીત સમજે છે અને પ્રશ્નોના જવાબ આપે છે.
3. સાંભળેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.
4. પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે છે.
5. પાઠનું વાચન મોટેથી કરે છે.
6. આપેલી સૂચના મુજબ સ્વ-અધ્યયન કરે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

**ધોરણ : 3** **વિષય : ગુજરાતી**

**બાળકો શીખે છે....**

1. વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો અને ઉખાણાં, જોડકણાં, ટૂચકા તેમજ વિનંતીઓ, સૂચનાઓ,આદેશો, પ્રશ્નો અને સંવાદો સમજે છે.
2. જાહેરાત, ભીંતચિત્રો, નોટીસ બોર્ડ, ચિહ્નો વાંચીને સમજે છે.
3. કાવ્ય, ગીત મુખપાઠ કરી રજૂ કરે છે, સાંભળેલી, વાંચેલી વાર્તાઓ રજૂ કરે છે.
4. પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં આપે છે.
5. ખૂટતા અક્ષરોનો ઉપયોગ કરીને શબ્દો અને વાક્ય બનાવે છે.
6. સ્થાનિક પરિસ્થિતિમાં પરિચિત વ્યક્તિ સાથે વાતચીત કે વ્યવહાર કરે છે.
7. ચિત્રો જોઇ, સમજીને સાદા વાક્યમાં વર્ણન કરે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

**ધોરણ : 4** **વિષય : ગુજરાતી**

**બાળકો શીખે છે....**

1. વાર્તા, ગીત, વર્ણન, વાતચીત, સંવાદ, નાટક અને ઉખાણાં વાંચીને સમજે છે.
2. વિનંતીઓ, સૂચનાઓ, આદેશો અને પ્રશ્નો વાંચી, સાંભળીને સમજે છે.
3. આશરે 2000 જેટલા શબ્દો સમજીને શબ્દકોશનો ઉપયોગ કરે છે.
4. કાવ્ય, ગીત,વાર્તા હાવભાવ સાથે રજૂ કરે છે.
5. બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી સુલેખન કરે છે.
6. પ્રશ્નો પૂછે છે અને પૂછાયેલા પ્રશ્નોના વિગતવાર જવાબ આપી સ્વતંત્ર લેખન કરે છે.
7. લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, કક્કાવારી ક્રમ અને પ્રત્યયોનો સમજપૂર્વક ઉપયોગ કરે છે.
8. ચિત્રોનું વિગતવાર વર્ણન કરે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ : 5     વિષય : ગુજરાતી

**બાળકો શીખે છે....**

1. કાવ્ય, ગીત, જોયેલું ,સાંભળેલું, અનુભવેલું અને કલ્પના કરેલ બાબતોનું વર્ણન કરે છે.
2. યોગ્ય વિરામ ચિહ્નો, માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરે છે.
3. પ્રશ્નોના જવાબ મુદ્દાસર આપે છે.
4. સમાચારપત્રો, સામયિકો સહિતના પત્રોનું વાંચન તેમજ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે.
5. લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદ, વિશેષણનો સમજીને ઉપયોગ કરે છે.
6. શબ્દ સમજ, શબ્દ-શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે છે.
7. ચિત્રોને આધારે વાર્તા કહે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ 6 વિષય : ગુજરાતી

**વિદ્યાર્થીઓ....**

1. વાર્તા, કાવ્યો, વર્ણનો, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ, સંવાદો સાંભળીને સમજે છે અને તેમાંથી તારણો તારવે છે.
2. દૃશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા મળતી માહિતી, ટ્રાફિક સિગ્નલ, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય સમજે છે.
3. આશરે ત્રણ હજાર જેટલા શબ્દો સમજે છે અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.
4. શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નો તથા માન્ય જોડણી સાથેનું શ્રુતલેખન, સ્વતંત્ર લેખન અને સારાંશ લેખન કરે છે.
5. વાતચીત, ઘટના કે પ્રસંગનું વર્ણન લખે છે અને ગદ્ય-પદ્ય સુક્તિનો વિચાર વિસ્તાર કરે છે.
6. મુદા પરથી વાર્તા લેખન, પત્ર લેખન, અહેવાલ લેખન કરે છે.
7. વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ 7 વિષય : ગુજરાતી

**વિદ્યાર્થીઓ....**

1. કિશોર સાહિત્ય અને લોક સાહિત્યની કૃતિઓ સાંભળી, વાંચી અને સમજે છે.
2. રેલ્વે ટાઇમ ટેબલ, બીલ રીસીપ્ટ્સ, રેપર્સ જેવી જીવન ઉપયોગી વિગતો વાંચી અને સમજે છે.
3. ટૂચકાઓ, કિસ્સાઓ, વાર્તાઓ, વકતવ્યોને ક્રમશઃ રજૂ કરે છે, જૂથ ચર્ચા, પ્રશ્ન સ્પર્ધામાં ભાગ લે છે અને પોતાની મૂંઝવણોની રજૂઆત કરે છે.
4. કાવ્યપંકિત, વિચાર-વિસ્તાર, સુક્તિ, કહેવતો, અરજીલેખન, પ્રેસનોટ, પ્રવાસવર્ણન, આત્મકથા અને ગદ્ય પદ્યનું સ્વતંત્ર લેખન કરે છે.
5. સમાચારપત્રો, સામયિકો, રેડિયો, ટીવી, ઓડિયો-વીડિયો ફિલ્મ દ્વારા માહિતીનો સમજપૂર્વક ઉપયોગ અને મોબાઇલ દ્વારા એસ.એમ.એસ.નું નિર્માણ કરી તેનું આદાન પ્રદાન કરે છે.
6. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાકયના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણનો ઉદાહરણ સહિત ઉપયોગ કરે છે.
7. વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે “શા માટે?, કેવી રીતે?” જેવા પ્રશ્નો પૂછે છે.



# અધ્યયન નિષ્પત્તિઓ

## ધોરણ 8 વિષય : ગુજરાતી

**વિદ્યાર્થીઓ....**

1. વિવિધ સાહિત્ય સ્વરૂપો સાંભળે છે, સમજે છે અને માણે છે તથા રમત, પ્રવૃત્તિ, મુલાકાત, ઇન્ટરવ્યૂ, પ્રોજેકટ કાર્ય દ્વારા સમજ કેળવે છે.
2. વેબસાઇટ, ઇ-મેઇલ, એસએમએસ દ્વારા જરૂરી માહિતી મેળવે છે અને સમજે છે.
3. પરિસંવાદ, ચર્ચામાં ભાગ લે છે, પોતાના અભિપ્રાયો રજૂ કરે છે અને જે તે સંદર્ભે પ્રશ્નો પૂછે છે.
4. સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે છે અને ગદ્યાંશ પરથી સારાંશ, શીર્ષક પરથી વાર્તા તથા રોજનીશીનું લેખન કરે છે.
5. શબ્દનો અર્થ, શબ્દ-શબ્દ વચ્ચેનો સંબધ, સંધિ, સ્વર વ્યંજન, અલંકાર, સમાસ, સંયોજક, રૂઢિપ્રયોગો અને કહેવતો દ્વારા વ્યવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે છે.
6. અનુભવેલી સારી - નરસી બાબતો અંગે ચિંતન કરી વિકટ પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધે છે.
7. સ્થાનિક વિશેષ વ્યકિતની મુલાકાત લઇ તેનું જીવન ચરિત્ર લખે છે.

